બાળકો અને
નવયુવાનો માટે

# હાદી

માસિક



જમાદીયુલ અવ્વલ હી.સ.૧૪૩૩,
એપ્રિલ - ૨૦૧૨

અંક
૪૨



રૂા.
30/-



# કુરઆનની જાણકારી

## સ્તુતિ તો અલ્લાહ માટે જ :

જેણે આકાશ અને પૃથ્વીને સર્જ્યાં છે તથા અંધકાર અને પ્રકાશ ઉત્પન્ન કર્યાં છે. તેમ છતાં આ કાફરો (અલ્લાહ એક અને એકમાત્ર છે તે અકીદાનો ઈન્કાર કરવાવાળાઓ, જેઓ ઈમાન નથી લાવ્યા તેઓ) (પોતે જેમની પુજા કરે છે તે અન્ય દેવતાઓને) પોતાના (ખરા) પરવરદિગારના બરોબરીયા ગણે છે. (સુરએ અન્આમ-આયત-૧)

## નેકી (પુણ્યશાળી કામ) કરવાવાળા લોકો :

અને તેના કરતાં વધારે અત્યાચારી કોણ હશે જે અલ્લાહ પર જુઠું આળ ચઢાવે અને જ્યારે સત્ય તેની પાસે આવે (તેને સત્ય હકીકતની જાણ થાય) ત્યારે પણ તેને જુઠલાવે ? તો શું ત્યારે (તે સંજોગોમાં) નાસ્તિકોનું ઠેકાણું જહન્નમ નથી ?

અને જેઓ અમારા (ધર્મ પ્રચારના) સંબંધમાં પ્રયત્ન કરે છે તેમને અમે અમારા માર્ગો જરૂર દેખાડીશું અને અલ્લાહ બેશક નેકી કરવાવાળાઓની સાથે જ છે. (સૂરએ-અન્કબૂત-આયત ૬૮-૬૯)



E-mail : hadimasik@yahoo.com

## અસલ જીવન :

અને આલોક (દુન્યવી) જીવન રમતગમત સિવાય કાંઈ જ નથી અને નિ:સંશય પરલોકનું જીવન જ અસલ જીવન છે, અગર તેઓ સમજે તો.

તેઓ જ્યારે વહાણમાં સવાર થાય છે ત્યારે નિર્મળ મનથી (તેની ભક્તિ અર્થે) અલ્લાહ નેજ પોકારે છે. પછી જ્યારે તે (અલ્લાહ) તેમને મુક્તિ આપી જમીન (ખુશકી) પર પહોંચાડી દે છે ત્યારે તેઓ તરત જ શિર્ક કરવા લાગી જાય છે. (સૂરએ અન્કબૂત-આયત ૬૪-૬૫)

## અલ્લાહના ગુણગાન :

અને (હે રસૂલ) જો તમે તેમને પુછો કે આકાશ પરથી પાણી કોણ ઉતારે છે ? પછી તેના વડે મરી ગયેલી પૃથ્વીને નવજીવન કોણ આપે છે ? તો તેઓ ખચિત જ આ કહેશે કે અલ્લાહ (તો) તમે કહી દો કે “અલ્હમ્દોલિલ્લાહ” (સ્તુતિ અને ગુણગાનને લાયક તો ફક્ત અલ્લાહ જ છે) પરંતુ તેઓ પૈકીના ઘણાં ખરા (આ) સમજતાં નથી.

(સૂરએ અન્કબૂત-આયત-૬૩)



જમાદીયુલ અવ્વલ હીજરી સન ૧૪૩૩,
એપ્રિલ - ૨૦૧૨

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

મારા વહાલા બાળકો ! સલામુન અલયકુમ!

હાદી માસિક તેની સંપૂર્ણ ચમક-દમક સાથે તમારા હાથમાં છે. અમારી મહેનતનું સર્વશ્રેષ્ઠ ફળ અથવા વળતર તો અમારા માટે એ છે કે આપ એનો અભ્યાસ કરો અને અમને પોતાના વિચારોથી માહિતગાર કરતા રહો.

આ મહિનામાં અમારા અને આપના ચોથા ઈમામ હઝરત ઝૈનુલ આબેદીન અ.સ.ની વિલાદત-બા-સઆદત છે. આપનું જીવન ખૂબ મુસીબતો અને દુઃખમાં પસાર થયું હતું. આ મુસીબતભર્યા જીવનમાં પણ સહીફએ સજ્જાદિયાના સ્વરૂપે એક અમૂલ્ય ખજાનો આપે ઉમ્મતને આપ્યો છે જે કયામત સુધી દરેક દુઃખ દર્દની દવા છે.

દુઆઓના આ સંગ્રહ માટે "આમાં તો ફકત દુઆઓ છે." એવું કહી શકાય તેમ નથી અને દુઆઓનો સબંધ તો આત્મા સાથે હોય છે, ના આવુ નથી. જગતના દરેક મુશ્કેલ કાર્યમાં સફળતા - વેપાર - દૈનિક જીવનની સમસ્યાઓ - બીજાઓના અધિકાર વિગેરે બાબતો અંગે શું કરવું જોઈએ તેની તદબીર પણ ઈમામ અ.સ.એ બતાવી છે. પરંતુ તેના માટે શોધવાવાળી આંખો અને દિવ્યચક્ષુ ધરાવતા મનની જરૂર છે.

દેખીતી રીતે તો જગત એવું જ સમજતું હતું કે ઈમામ અ.સ. મેહરાબમાં આંસૂ વહાવી રહ્યા છે પરંતુ હકીકત એ છે કે એ આંસુઓના મહાન પ્રલયમાં ઉમવી શાસન એક તણખલાની જેમ વહી ગયું.

અમે હાદી ફેમીલી વતી આ પ્રસંગે ઈમામ ઝમાના અજ.ની સેવામાં મુબારકબાદ પેશ કરીને આપના ઝહૂરની દુઆ કરીએ છીએ.

વસ્સલામ
અને અમારા માટે દુઆની પ્રાર્થના.


بسم الله الرحمن الرحيم

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
મર્હૂમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં
ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org

વાર્ષિક લવાજમ
રૂા. ૩૦૦/-

# અગત્યના પ્રશ્નો – ટૂંકા જવાબો

**પ્રશ્ન : માનવી ફક્ત "લાઈલાહા-ઈલ્લલ્લાહ"ના વાક્યથી કેવી રીતે સફળ થઈ શકે છે ? (એટલે કે ઈસ્લામ અને ઈમામની હદમાં આવી શકે છે ?)**

**જવાબ :** જોકે રિવાયતમાં એટલું જ છે કે "કૂલુ-લાઈલાહા-ઈલ્લલ્લાહ-તુફલેહૂ" અર્થાત્ : લાઈલાહા ઈલ્લલ્લાહ કહો અને સફળતા મેળવો (બિહાર ભાગ-૧૮, પા. ૨૦૨) પરંતુ તેનો અર્થ ફક્ત જીભ વડે ઉચ્ચાર કરવો તેટલું જ નથી પરંતુ તેનો અર્થ તવહીદની માન્યતા (અકીદા)ને (હૃદયપૂર્વક) સ્વીકારવો તે છે.

આ હદીસમાં "તુફલેહૂ"નો શબ્દ પ્રયોગ થયો છે જે અરબી શબ્દ "ફલાહત" પરથી બનેલો છે. તેનો અર્થ "નીકળવું" એવો થાય છે. તેથી જ ખેડૂત ને "ફલ્લાહ" કહેવામાં આવે છે કેમકે ખેડૂત બીજને જમીનમાંથી બહાર કાઢવાનું સાધન હોય છે અને બીજના જમીનમાંથી બહાર આવવાના ત્રણ તબક્કા  હોય છે.

(૧) બીજને જમીનમાં દાટવામાં આવે છે.

(૨) તે બીજ પોતાના ખોરાકને ખાતર-પાણી વિગેરેમાંથી સારી રીતે ચૂસી લે (મેળવી લે)

(૩) અને બીજ (બીજના અંકુર)ના બહાર નીકળવાના માર્ગમાં જે અડચણો હોય તે દૂર કરીને તે ખુલ્લા વાતાવરણમાં પોતાનું માથું કાઢી શકે છે.

બિલકુલ તેવી જ રીતે માણસ પણ તૌહીદના ખુલ્લા વાતાવરણમાં પદાર્પણ કરશે તો જ સફળતા મેળવીને ઈસ્લામ અને ઈમામના ઘેરાવામાં પ્રવેશ મેળવી શકશે. એટલે કે માણસની અકીદા (માન્યતા) ના બીજ દલીલો - સંસોધન - બુધ્ધિ અને તર્કના સાધનો વડે પોતાના મનની ભૂમિમાં સારી રીતે દાટી દે - તે પછી પોતાના કર્મ વડે તે બીજને ખાતર - પાણી આપે અને સદચારિત્રના ખોરાક વડે તેને પોષણ આપે તે પછી જે કાર્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે તે અને ગુનાહોના સ્વરૂપે જે પણ આડખીલીઓ અને અડચણો તેના માર્ગમાં આવે તેને દૂર કરતો રહે જેથી કરીને તેના સફળતાના માર્ગે કોઈ મુશ્કેલી રહે નહી અને આવી રીતે (આ તબક્કાઓ પસાર કરીને) જો માણસ અલ્લાહના માર્ગ ઉપર પદાર્પણ કરશે તો નિઃશંક રીતે અકીદએ તવહીદ (તવહીદ - અલ્લાહ એક અને એકમાત્ર છે તે માન્યતા) તેને સફળ બનાવી શકે છે.

# અપેક્ષા પ્રમાણેની સહાયતા

મુહમ્મદ-બિન-અલી-બિન ઈબ્રાહીમે કહ્યું છે કે અમારા જીવનના એ કપરા દિવસો હતા અને અમે મુશ્કેલીઓથી ઘેરાઈ ગયા હતા. મારા પિતાએ મને કહ્યું "મને અબા મુહમ્મદ અસ્કરી પાસે લઈ જાઓ. તે એક બહાદુર અને ઉચ્ચ સંસ્કારવાળા વ્યક્તિ છે."

મેં મારા પિતાને પુછયું "શું આપ તેમને ઓળખો છો ? તેમણે જવાબ આપ્યો, "હું ન તો તેમને ઓળખું છું કે ન તો મેં તેમને જોયા છે." તેમ છતાં અમે ઈમામ અ.સ. ને મળવા નીકળી પડ્યા. માર્ગમાં મારા પિતાએ કહ્યું - તેઓ મને ૫૦૦ દિરહમ આપવાનો હુકમ કરે તો ઘણું સારું, તેમાંથી હું ૨૦૦ દિરહમના વસ્ત્રો લઈશ, ૨૦૦ દિરહમમાંથી લોટ ખરીદીશ અને ૧૦૦ દિરહમ જીવન જરૂરિયાતની અન્ય વસ્તુઓ ખરીદવામાં વાપરીશ.

મેં પણ મનમાં જ વિચાર્યુ કે મને પણ ૩૦૦ દિરહમ મળી જાય તો હું ૧૦૦ દિરહમ સવારી ખરીદવા માટે, ૧૦૦ દિરહમ જીવન જરૂરિયાતની અન્ય વસ્તુઓ ખરીદવા માટે અને ૧૦૦ દિરહમ વસ્ત્રો ખરીદવામાં વાપરીશ અને પછી અમે "મુન્કતએ જબલ"ની દિશામાં ચાલ્યા જઈશુ.

જ્યારે અમે ઈમામ અ.સ.ના ઘરના બારણે પહોંચ્યાં તો આપનો સેવક અમારી પાસે આવ્યો અને કહ્યું કે અલી ઈબ્ને ઈબ્રાહીમ અને તેમનો પુત્ર અંદર જઈ શકે છે.



E-mail : hadimasik@yahoo.com

અમે ઘરમાં દાખલ થયા અને ઈમામ અ.સ.ને સલામ કરી.

સલામ દુઆ પછી ઈમામ અ.સ.એ મારા પિતાને પુછયું કે તમે કયા કારણે મને મળવા નહોતા આવતા ? તેમણે કહ્યું કે મારા માલિક ! મારી આવી પરિસ્થિતિમાં આપને મળવા આવતા મને શરમ આવતી હતી.

છેવટે જ્યારે અમે ઈમામ અ.સ.થી વિદાય લઈને બહાર નીકળ્યા તો આપનો સેવક અમારી પાસે આવ્યો. તેણે મારા પિતાને એક થેલી આપી અને કહ્યું કે આમાં ૫૦૦ દિરહમ છે તેમાંથી તમે ૨૦૦ દિરહમ પોતાના વસ્ત્રો ખરીદવા માટે ૨૦૦ દિરહમ લોટ ખરીદવા માટે અને ૧૦૦ દિરહમ જીવન જરૂરિયાતની અન્ય વસ્તુઓ ખરીદવામાં વાપરજો, અને મને એક બીજી થેલી આપીને કહ્યું "આમાં ૩૦૦ દિરહમ છે તેમાંથી ૧૦૦ દિરહમમાં તમે સવારી ખરીદજો, ૧૦૦ દિરહમ વસ્ત્રો ખરીદવામાં અને ૧૦૦ દિરહમ જીવન જરૂરિયાતની અન્ય વસ્તુઓ ખરીદવામાં વાપરજો."

તે પછી તમો "મુન્કતએ જબલ" તરફ જતાં નહીં પરંતુ સૂરા (ઈરાક) ચાલ્યા જજો.

(અલકાકી-૧૦-૫૦૬-હદીસ-૩)

શું તમે પણ ક્યારેક કોઈ તદ્દન અજાણ્યા જરૂરિયાત વાળા વ્યક્તિને આવી રીતે સહાયતા કરી છે !!!



# નબી સ.અ.વ.ના બોધ વચનો (શિખામણો)

**હે અલી અ.સ., જમવાના બાર શિષ્ટાચાર છે.**

**ચાર - આવશ્યક - ચાર સુન્નત અને ચાર સંસ્કાર અને શિષ્ટતા પ્રમાણેના.**

### આવશ્યક (જરૂરી) :-

- જે ખાતા હોવ તે શું છે તે જાણવું.
- બિસ્મિલ્લાહ કહીને જમવાનું શરૂ કરવું.
- જમ્યા પછી ખુદાનો આભાર માનવો.
- (જમવા માટે) જે કાંઈ ઉપલબ્ધ થાય તે સ્વીકારીને સંતોષ માનવો.

નોંધ : આ વાતો જરુરી છે પણ વાજિબ નથી. :-

### સુન્નત :-

-ડાબા પગને વાળીને બેસીને તે રીતે જમો.
- ત્રણ આંગળીઓથી કોળિયો બનાવીને જમો.
- જે પોતાની સમક્ષ હોય તે જ ખાવ.
- (બીજાની સમક્ષ હોય - દૂર હોય તે લેવા માટે હાથ લાંબા ન કરો.)
- (જમ્યા પછી) આંગળીઓને ચાટી લો.

### સંસ્કાર અને શિષ્ટતા પ્રમાણેના :-

- જમતાં પહેલા બંને હાથ ધોઈ લો.
- નાના - નાના કોળિયા બનાવીને જમો.
- દરેક કોળિયાને ખૂબ ચાવો.
- જમતી વખતે બીજાઓના મોઢા તરફ ઓછું જુઓ.

(મન-લા-યહઝરૂહુલ ફકીહમાંથી ચુંટેલું)



# કાયમી ઈલાજ

ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે :

એક વખત એક વનવાસી સ્ત્રી આપ સ.અ.વ. પાસે આવી. તે વખતે આપ જમીન ઉપર બેસીને ભોજન લઈ રહ્યા હતા. તેણે આવીને પયગમ્બર સ.અ.વ.ને સંબોધીને કહ્યું "હે મુહમ્મદ સ.અ.વ. તમે તો એક નોકર અને દાસની જેમ જમીન ઉપર બેસીને જમી રહ્યા છો !!!"

આપ સ.અ.વ. એ ફરમાવ્યું "તારા ઉપર અફસોસ હજો (અલ્લાહની) ગુલામી અને દાસપણામાં મારાથી મોટો દાસ કોણ છે ? તે સ્ત્રીએ કહ્યું "આપ પોતાના ભોજનમાંથી મને એક કોળિયો આપો. આપ સ.અ.વ.એ એક કોળિયો ઉપાડીને તેને આપ્યો. પરંતુ તેણે કહ્યું "ખુદાના સમ ! હું આ કોળિયો નહીં લઉં, પરંતુ હું તો આપ અત્યારે ચાવી રહ્યા છો તે કોળિયો આપો તો જ (તે કોળિયો) ખાઈશ.

આપ સ.અ.વ.એ છેવટે પોતાના મોઢામાંથી તે કોળિયો કાઢીને તેને આપ્યો અને તે કોળિયો પેલી સ્ત્રી ખાઈ ગઈ.

ઈમામ સાદિક અ.સ. તે પછી ફરમાવે છે કે તે કોળિયાની બરકત હતી, મૃત્યુ પર્યંત તે સ્ત્રી કોઈ રોગ કે બીમારીમાં સપડાઈ નહોતી.

(અલ મહાસિન-ભા-૨, પા. ૪૫૭- પ્રકરણ-૫૧, હદીસ નં. ૩૮૮)





# એક વેપારીનું ખૂન

અબૂ આરિફ ખઝરજી મદીના શહેરનો એક વેપારી હતો. તે પોતાના વેપારનો માલસામાન સીરીયા લઈ જઈને વેચતો હતો. એક વખત તે પોતાના કેટલાક સાથીઓ સાથે વેપારનો માલ સામાન લઈને સીરીયા ગયો. ઘણાં લાંબા સમય પછી પણ તે પરત ન આવ્યો ત્યારે તેનો દીકરો આમિર તેના બાપ સાથે સીરીયા ગયેલા લોકો પાસે ગયો અને પોતાનો બાપ પાછો કેમ નથી આવ્યો તે અંગે પૂછપરછ કરી તો તેમણે જણાવ્યું કે તેનું તો અવસાન થઈ ગયુ છે અને તેનો માલ સામાન પણ વેચાયો નહોતો તેથી અમે તેની કીંમત (પૈસા) પણ લાવી શક્યા નથી.

દીકરાને શંકા ગઈ કે આ લોકો ખોટું બોલે છે. તેણે કાઝીની કોર્ટમાં તે લોકો વિરૂદ્ધ દાવો દાખલ કરી દીધો અને એ લોકો ઉપર પોતાના પિતાના ખૂનનો આરોપ મૂક્યો. તે વખતે કાઝી તરીકે શરીહ હતો. તેણે બધી વાતો સાંભળી અને તે વેપારીના પુત્રને સાક્ષીઓ રજુ કરવા જણાવ્યું. પુત્ર પાસે સાક્ષીઓ ક્યાંથી હોય ? તે





E-mail : hadimasik@yahoo.com



સાક્ષીઓ રજુ કરી શક્યો નહીં તેથી કાઝીએ તહોમતદારોને કહ્યું કે તમે લોકો સોગંદ ખાઓ કે તમોએ આ વ્યક્તિના બાપનું ખૂન કર્યું નથી. તે લોકોએ જુઠા સોગંદ પણ ખાઈ લીધા તેથી વાત પતી ગઈ. કાઝી શરીહ એ પોતાનો ચુકાદો પણ આપી દીધો.

આમિરને આ ચુકાદાથી સંતોષ ન થયો. તેણે વિચાર્યું કે પોતાના આ કેસને તે હઝરત અલી અ.સ. સમક્ષ રજુ કરે, તેથી તે મસ્જિદમાં આવીને બેસી ગયો. થોડીક્વાર માં હઝરત અલી અ.સ. ત્યાં આવ્યા. આમિરે સંપૂર્ણ વાત આપ અ.સ.ને સંભળાવી. હઝરત અલી અ.સ. એ બધી વાત સાંભળીને કહ્યું કે "ખુદાના સમ! આજે હું એવો ચુકાદો આપીશ જેવો ચુકાદો હઝરત દાઉદે આપ્યો હતો" પછી પોતાના સેવક કંબરને આજ્ઞા આપી કે પોલીસને સૂચના આપો કે બધા જ આરોપીને પકડી લાવે અને જુદી જુદી જગ્યાએ કેદ કરી દેવામાં આવે. તે પછી આપ અ.સ.એ લોકોને કહ્યું, જ્યારે હું તકબીર કહું ત્યારે તમે બધા લોકો પણ એકી સાથે તકબીર કહેજો. તે પછી આપની આજ્ઞા પ્રમાણે બધા આરોપીઓને જુદા જુદા લાવવામાં આવ્યા અને બધાના મોઢાને ઢાંકી રાખીને એક કાંઈ કહે તો બીજો સાંભળી ન શકે તે રીતે એકબીજાથી દૂર બેસાડી દેવામાં આવ્યા, તે પછી આપે પોતાના ખાસ લહીયા (કારકુન) અબ્દુલ્લા-બિન-અબીરાફેઅને કાગળ પેન સાથે બોલાવ્યો





અને કહ્યુ કે "આ લોકો જે કાંઈ પણ બોલે તે લખતાં જાવ" તે પછી પેલા આરોપીઓ પૈકી એકને પાસે લાવવા કહ્યું અને તેના મોઢાને ખોલી દેવામાં આવ્યું તે પછી હઝરત અલી અ.સ.એ તેને સવાલો પૂછવા શરૂ કર્યા. તેના બીજા સાથીઓ તેઓના મોઢા ઢાંકેલા હોવાથી કાંઈ જોઈ શકતાં નહોતા અને દૂર બેઠેલા હોવાથી કાંઈ સાંભળી પણ શક્તા નહોતા. હઝરત અલી અ.સ.એ તો તે આરોપીને સામાન્ય સવાલો પુછ્યા, તમે પ્રવાસ ક્યારે શરૂ કર્યો હતો ? કોને ઘરેથી નીકળ્યા હતા ? અબૂ આમિર તમારી સાથે હતો કે નહીં ? પ્રવાસ ક્યા મહિનામાં શરૂ કર્યો હતો ? ક્યું વરસ હતું ? સમય ક્યો હતો ? અબૂ આમિર કેવી રીતે અવસાન પામ્યો ? તેને ગુસ્લ કોણે આપ્યું ? કફનની વ્યવસ્થા કોણે કરી ? જનાઝાની નમાઝ કોણે પઢાવી ? કબરમાં કોણે ઉતાર્યો ? જ્યારે તેણે આ બધાં પ્રશ્નોના જવાબો આપ્યા ત્યારે ઈમામ અ.સ.એ મોટા સાદે તકબીર પોકારી, લોકોએ પણ એકી સાથે મોટેથી તકબીર પોકારી, જ્યારે બીજા આરોપીઓએ આપની તથા તે પછી લોકોની તકબીરના પોકાર સાંભળ્યા તો તે સમજ્યાં કે તેમના સાથીએ બધી જ વાત કહી દીધી છે, તેઓ તો બીકના માર્યા ધ્રુજવા લાગ્યાં.





E-mail : hadimasik@yahoo.com



તે પછી ઈમામ અલી અ.સ.એ પ્રથમ આવેલ આરોપીને જેલમાં મોકલી આપ્યો અને બીજા આરોપીને બોલાવ્યો અને હવે તેને પોતાની સામે બેસાડીને સપ્નાઈપૂર્વક કહ્યું કે 'તું એવું વિચારે છે કે હું તારા અપરાધથી જાણકાર નથી તો એવા મિથ્યા વિચારોમાં ન રહેતો " તે એવું સમજ્યો કે ઈમામ અ.સ.ને બધી જાણકારી મળી ચુકી છે તેથી તે તરત જ બોલી ઉઠ્યો, ખુદાના સમ ! આ કામમાં હું એકલો નહોતો. અમે બધાએ મળીને આ કામ કર્યું છે, જો કે મેં તો મારા સાથીઓને આવું કરવાથી રોક્યા પણ હતા પરંતુ એ લોકો માન્યા નહીં અને આવી રીતે ખુનનું રહસ્ય છતું થઈ ગયું, તે પછી તો આપે બીજા બધા અપરાધીઓને બોલાવીને તેમની પાસેથી પોતાના અપરાધની કબુલાત કરાવી લીધી અને પછી ઈમામ અલી અ.સ.એ અબૂ આમિરના માલ સામાનના બદલામાં તેઓ બધાની પાસેનો માલ સામાન આમિરને આપી દીધો અને અબૂ આમિરના ખૂનના અપરાધ માટે આ બધા લોકોને કત્લ કરી નાંખવાનો હુકમ કર્યો.

આવી રીતે ઈમામ અલી અ.સ.એ મનોવિજ્ઞાનિક પધ્ધતિ અપનાવીને એક એવા અપરાધનું રહસ્ય છતું કર્યું કે જેનો કોઈ સાક્ષી નહોતો અને અપરાધીઓએ પોતાના અપરાધના કોઈ પુરાવા પણ રહેવા દીધાં નહોતા.

તેહઝીબુલ એહકામ - ભા - ૬, પાન. ૩૧૬ મલ્લા ચાહ ઝરહુલ ફકીહ ભા. ૩ - પા નં. ૨૪ - ઉસૂલે હાકી ભા-૭, પા. ૩૧૭)



# અભિવ્યક્તિનો અધિકાર



(ગયા અંકથી ચાલુ)

અને ઈમામ અ.સ. એ તો તેમને પોતાના અંતર આત્માની વાતને અનુસરવાની પરવાનગી આપી હતી પરંતુ તેમણે તો તલવાર અને યુધ્ધનો માર્ગ અપનાવીને અંતર આત્માની વાતને અનુસરવાની બાબતને તજી દીધી હતી.

અમારા સુયજ્ઞ વાચકોને એ વાત સમજાઈ ગઈ હશે કે અઈમ્મા અ.સ. એ સદાયે પોતાના શત્રુઓ સાથે પણ હંમેશા વાતચીત અને તાર્કિક-વિવાદનો માર્ગ અપનાવ્યો હતો પરંતુ શત્રુઓએ હંમેશા વિદ્રોહનું જ પ્રદર્શન કર્યું હતું.

પ્રખ્યાત ઈતિહાસકાર મુહમ્મદ-બિન-તિબરી (અવસાન ૩૧૦ હિ.) લખે છે કે "જ્યારે હઝરત અલી અ.સ. કૂફામાં પ્રવેશ્યા ત્યારે ખ્વારિજ લોકો પૈકી ઘણાં લોકો આપની સાથે હતા જે નખીલા વિગેરે સ્થળોએ આપનાથી જુદા ચાલ્યા ગયા તે પછી ખ્વારિજ લોકોના બે સરદારો "હરકૂસ-બિન-ઝહીર સાઅદી અને ઝરઆ-બિન-બરજે તાઈ" હઝરત


E-mail : hadimasik@yahoo.com

અલી અ.સ.ની પાસે આવ્યા અને હરકૂસ એ કહ્યું “આપ  પોતાની ભૂલની તૌબા કરી લો તો અમે મુઆવિયા વિરૂદ્ધ જિહાદ કરવા માટે (આપનો સાથ આપવા) તૈયાર છીએ. આપે ફરમાવ્યું “મૈં તમને હાકિમ બનાવવાની બાબતે રોકયાં હતા પરંતુ તમે માન્યા નહીં અને તમે જ તેને ભૂલ-ગુનો ગણો છો. આ સાંભળીને ઝરઆએ કહ્યું હતું કે ખુદાના સમ ! જો આપ તૌબા નહી કરો તો હું આપને કત્લ કરીને અલ્લાહ તઆલાની પ્રસન્નતા મેળવીશ. તેને જવાબ આપતા આપે ફરમાવ્યું હતું કે ખુદા તારો અંજામ ખરાબ કરે, તું કેટલો દુર્ભાગ્યશાળી છે કે હું તને માટી અને કીચડમાં લપેટાએલો કત્લ થયેલો જોઈ રહ્યો છું અને આ સાંભળીને ઝરઆ એ કહ્યું મને એ પણ સ્વીકાર્ય છે. (શરહે નહજુલ બલાગાહ-ઈબ્ને આલિમ હદીદ-ભા. ૨ પા. ૨૬૮)”

તે પછી ખ્વારિજ લોકોએ વાતચીત (વાર્તાલાપ) ના દ્વાર બંધ કરી દીધા અને “અબ્દુલ્લાહ-બિન-જનાબને કે જેણે પોતાની ડોકમાં કુરઆન લટકાવેલું હતું તેને મારી નાંખ્યો અને તેને કારણે છેવટે હઝરત અલી અ.સ. પણ તેમની વિરૂદ્ધમાં બળપ્રયોગ કરવા ઉપર મજબૂર થઈ ગયા. કેમકે તેઓ ગુમરાહ થઈ જવાને કારણે સત્યથી વિમુખ થઈ ગયા હતા. ”





# તબડક...તબડક...

★ લકડી કી કાઠી,   કાઠી પે ઘોડા,

ઘોડે કી દૂમ પે જો મારા હથોડા

દોડા, દોડા, દોડા, ઘોડા દૂમ ઉઠાકે દોડા....

આ ગીતમાં તમારા જેવડા બાળમિત્રોને ઘોડા સાથે કેટલી સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા છે. હેં ને ! તબડક, તબડક અવાજ કરતો ઘોડો બાળપણથી તમારા સૌની પ્રિય સવારી છે. વળી, રાજા-મહારાજાઓ માટે ઘોડો રાખવો એક શાન ગણાતો.....

## ઘોડા અને મનષ્યનો સાથ

મનુષ્ય અને ઘોડાનો સાથ સદીઓ જૂનો છે. લગભગ ૫૦૦૦ વર્ષ પહેલા ઘોડાને પાલતુ પ્રાણી તરીકે પાળવાની શરૂઆત થઈ. એક સંશોધન મુજબ એવું પણ કહેવાય છે કે પહેલાં ઘોડાની પ્રજાતિમાં મધ્ય એશિયા, આરબના અરબી ઘોડા, આફ્રિકન ઘોડા અને યુરોપના ઘોડા એમ ચાર પ્રજાતિ હતી આજની વાત કરીએ તો તમને કદાચ જાણીને નવાઈ લાગશે કે ઉપર જણાવેલ મુખ્ય ચાર પ્રજાતિમાંથી ઉત્પન્ન થઈને ઘોડાની ૩૦૦ કરતા પણ વધારે પ્રજાતિઓ જોવા મળે છે. તેમાં પણ ઘોડાની શુધ્ધ પ્રજાતિ માત્ર અરબી ઘોડા છે. અરબી ઘોડા સૌથી વધુ શક્તિશાળી ગણાય છે.

## કદ અને વજન

આમ તો ઘોડાનું કદ હાથના માપથી જાણી શકાય. એક હાથ એટલે ચાર ઈંચ. ઘોડો કદમાં ૭૬ થી ૧૭૫ સે.મી.નો હોય છે. તેનું વજન ૫૪ થી ૯૯૮ કિ.ગ્રા. હોઈ શકે.



### ઝડપી દોડ

ઘોડા એટલી ઝડપથી દોડે છે કે માત્ર મિનિટોમાં ઉંચા પહાડ સરળતાથી પાર કરી લે છે. તેની આ ખૂબીને કારણે જ રાજા - મહારાજાઓના મહેલમાં ઘોડાનું એક અલગ જ સ્થાન હતું. એમાં પણ યુદ્ધ માટેની શ્રેષ્ઠ સવારી એકમાત્ર ઘોડો જ ગણાતો.



E-mail : hadimasik@yahoo.com



## ઘોડાની આંખ

તે પોતાની આંખથી એક દિશામાં અથવા બે જુદી દિશામાં જોવાની ક્ષમતા ધરાવે છે જો તમે ઘોડાની પાછળ ચાલતા હશો તો તેને દેખાશે નહીં અને ભય સમજીને તે તમને લાત પણ મારી શકે છે.

## ઘોડાના દાંત

ઘોડો પાંચ વર્ષનો થાય ત્યાં સુધીમાં તેને બધા દાંત આવી જાય છે ત્યારબાદ દાંતની સંખ્યા નથી વધતી પણ દાંત ધીમે-ધીમે લાંબા થતા જાય છે. તેને ૪૦ થી ૪૪ દાંત હોય છે. જો કે, આમાં જડબાના દાંતની ગણતરી નથી કારણ કે જડબાના દાંત નબળા હોવાથી લગભગ પડી જાય છે.

## સૌથી મહત્વની પૂંછડી

બધા જ પ્રકારના ઘોડાની પૂંછડીની સાઈઝ, આકાર, જુદા-જુદા હોય છે. કેટલાક ઘોડાની પૂંછડી પાતળી તો કેટલાકની જાડી હોય છે. જાડી પૂંછડીવાળા ઘોડા કોઈ સ્પર્ધામાં ભાગ લઈ શકતા નથી. જે ઘોડાની પૂંછડી ઉપરથી પાતળી અને નીચેથી જાડી હોય એવી પૂંછડીવાળા ઘોડાનો શિકાર માટે ઉપયોગ કરવામાં આવે છે.

## સ્વભાવ

ઘોડાનું માથું હલાવવાની રીત, આંખ, કાનના ઈશારે તેનો મૂડ જાણી શકાય છે. દાંત દેખાડવા, પાછળના પગ પર ઉભા થઈ જવું, જોરજોરથી હણહણવું, આ તેની સાંકેતિક ભાષા છે.

## કેટલીક રોચક વાતો.....

- ★ ઘોડો કોઈપણ દિવસે જન્મે, પણ ૧ જાન્યુઆરી તેમનો જન્મ દિવસ ગણાય છે.
- ★ ઘોડો ઉભો-ઉભો જ સુઈ જાય છે. તે પગના સ્નાયુઓને એક પ્રકારે લોક પણ કરી શકે છે જેથી પડી ન જવાય.
- ★ પોલો જેવી રમત ઘોડાના આધારે જ રમી શકાય છે.
- ★ યુદ્ધમાં પણ એક વીર યોદ્ધો ઘોડાને કહી શકાય.
- ★ ઘોડો પોતાના ઉપરના હોઠથી દરેક વસ્તુ સહેલાઈથી પકડી શકે છે.
- ★ તેનું પેટ અને આતંરડા ખૂબ જ નાના હોવાથી તે વધારે ઘાસ પણ ખાઈ શકતો નથી.
- ★ ઘોડાના નવજાત બચ્ચાને ફોલ કહેવાય છે. એક વર્ષના થાય એટલે તેમને યેરલિંગ્સ નામથી ઓળખવામાં આવે છે.



# ખોટા આળ મુકવા

**રસૂલે ખુદા સ.અ.વ.થી રિવાયત છે કે** "હે આયેશા ! ગાળ આપવાનો કોઈ જવાબ હોય તો તે ભૂંડો જ જવાબ હશે. (એટલે કે ગાળનો જવાબ ગાળથી આપવો જોઈએ નહીં.)"

**આપ સ.અ.વ.થી રિવાયત છે કે :** "અલ્લાહ ભૂંડું બોલનાર અને ભિક્ષુકના વારંવાર માંગતા રહેવાને પસંદ નથી કરતો."

**આપ સ.અ.વ.થી રિવાયત છે કે :** મોમિનને ગાળ આપવી તે દુરાચાર છે, તેનું ખૂન કરવું તે કુફ્ર (અલ્લાહના એક હોવાને ન માનવું તે) છે – તેની ચાડી–ચુગલી કરવી તે ગુનાહ છે અને તેનો માલ ખાઈ જવો તે એટલું જ હરામ છે જાણે કે તેનું લોહી પીવું.

**અમ્ર-બિન-નોઅમાન-જાઅફીથી રિવાયત છે કે :**

ઈમામ જાઅફરે સાદિક અ.સ.નો એક એવો મિત્ર (ચાહવાવાળો) હતો જે કદી આપનાથી જુદો પડતો નહોતો. એક વખતે તેણે પોતાના દાસને એવી રીતે બોલાવ્યો "હે વ્યભિચારી સ્ત્રીના પુત્ર, તું ક્યા છે ? ઈમામ અ.સ. એ પોતાનો હાથ તેના કપાળે માર્યો અને તે પછી ફરમાવ્યું "તેં આની માં ઉપર ખોટી આળ મૂકી છે. હું તને પરહેઝગાર વ્યક્તિ સમજતો હતો પરંતુ તું એવો નથી."

તેણે કહ્યું "હું આપના ઉપર ન્યોછાવર થઈ જાઉં. આની માં તો સિન્ધી અને મુર્તિપુજક સ્ત્રી છે."

ત્યારે ઈમામ અ.સ.એ ફરમાવ્યું "શું તું નથી જાણતો કે દરેક કોમમાં પોત–પોતાની પધ્ધતિ – રીતરસમથી નિકાહ (લગ્ન) થાય છે ? તું હવે મારાથી જુદો થઈ જા."

રાવી કહે છે કે મેં તે પછી તેમને બંનેને કદી સાથે નહોતા જોયા, એટલે સુધી કે મૃત્યુએ બંનેની વચ્ચે જુદાઈ કરી દીધી.



## ટુચકાઓ

# હસો અને હસાવો



ટીચર : ગપ્પૂ એ જણાવો કે એવી કઈ વસ્તુ છે, જે આજે છે અને આજથી દસ વર્ષ પહેલા નહોતી ?

ગપ્પૂ : ટીચર, હું પોતે !

ટીચર : શું કોઈ અચાનક ઘટનાનું સારું ઉદાહરણ આપી શકે છે ?

ગપ્પૂ : ટીચર, મારી મમ્મી અને મારા પપ્પાના લગ્ન એક જ દિવસે અને એક જ સમયે થયા હતા.

---

ટીચર (વિદ્યાર્થીઓને) : જણાવો વિદ્યાર્થીઓ, મહાત્મા ગાંધીનો જન્મ ક્યાં થયો અને તાલીમ ક્યાં મેળવી ?

ચીકુ ઉભો થઈ બોલ્યો : ટીચર ! હોસ્પિટલમાં તેમનો જન્મ થયો અને સ્કૂલમાં તેમણે તાલીમ મેળવી.

---

ગોલૂ એક વખત પી.સી.ઓ. પર ફોન કરવા ગયો ! ત્યાં જતાની સાથે તેણે આજુ-બાજુ જોયા વગર,

પી.સી.ઓ. સંચાલક મોટૂ ને જોરદાર બે-ત્રણ થપ્પડ લગાવી દીધી,

મોટૂએ રડતા સ્વરે પૂછ્યું : મેં એવી કઈ ભૂલ કરી કે તેં મને...?

આટલું કહેતાની સાથે જ ગોલૂએ માસુમીયતથી જવાબ આપ્યો : જુઓ યાર, આમા મારી કોઈ ભૂલ નથી ! આ સૂચના તમે જ લગાવી રાખી છે કે "ડાયલ કરને સે પહલે ૨-૩ લગાયે"

---

કંપની માલિક (કર્મચારી ચિંપૂને) : તમને ખબર છે ને ! અમે જુઠ બોલવાવાળા કર્મચારી સાથે કેવો વ્યવહાર કરીએ છીએ ?

ચિંપૂ : જી હાં સાહેબ ! તમે તેને સેલ્સમેન બનાવી દો છો.



# શરીરની રક્ષા અને એહલેબૈત અ.સ.

કોઈ એવું કાર્ય અથવા કારણ જે કોઈ પણ પ્રકારની બીમારીનું અથવા શરીરને નુકશાન થવાનું કારણ બની શકે તેવા કાર્ય અને કારણથી માઅસૂમીન અ.સ. દૂર રહેતા હતા અને જે વસ્તુઓ શરીરની સલામતી અને રક્ષા માટે જરૂરી હોય તેવી વસ્તુઓનો આપ પ્રયોગ કરતા હતા. તેથી કેટલીક બાબતો કે જે મનુષ્યના શરીરની સલામતી અને રક્ષા માટે જરૂરી છે તે અંગે માઅસૂમીન અ.સ. ની વાણી અને કથનો જાણીએ :

**પેટ ભરીને જમવું :** પયગમ્બર સ.અ.વ.નું ફરમાન છે કે મનુષ્યનું પેટ તેના માટે રોગોનું ઘર હોય છે અને તેને વધુ પડતુ ભોજન લેવાથી બચાવવું તે જ સર્વશ્રેષ્ઠ દવા છે. (તફસીરે-તન્તાવી-ભા.૪, પા. નં. ૪૧૩) એક હદીસમાં ફરમાવ્યું છે કે “રોઝા રાખો જેથી કરીને સલામતી મળે” (તફસીરે-તન્તાવી-ભા. ૪, પા. ૨૫૫) એવી જ રીતે રોઝાની બાબતે આપ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે “તમારા માટે રોઝા રાખવા જરૂરી છે કારણ કે તે શરીરની (રક્ત વાહીનીઓની) અશુધ્ધિઓને સાફ કરે છે અને શરીરમાંની નક્કામી વસ્તુઓને નષ્ટ કરે છે. (કન્ઝુલ અમાલ-હદીસ ૨૩૬૧૦)”

આ વિષે એક પ્રસંગ પણ જાણવા જેવો છે કે મદીના શહેરમાં એક વખત એક વૈદ્ય આવ્યો અને પોતાનું દવાખાનું ખોલ્યું, પરંતુ ઘણા દિવસો સુધી કોઈ બીમાર પડીને તેના દવાખાને દવા લેવા માટે આવ્યું જ નહી જ્યારે તેણે આ અંગે પુછપરછ કરી તો લોકોએ તેને કહ્યું કે “અમે લોકો બીમાર પડતા નથી કેમકે અમારા કુરઆનમાં આયત છે “કુલૂ વશ્રબૂ-વલા-તુસરેફૂ” ખાઓ-પીઓ પરંતુ તેનો દુર્વ્યય ન કરો. (એઅેરાફઃ આયતઃ૩૧) અમે લોકો આ આયત પ્રમાણે પેટ ભરીને જમતા જ નથી તેથી બીમાર નથી પડતા (પત્રકારે ઈસ્લામ-બા-અસરાફ-પા. ૨૩)

**શરદી-ગરમીથી રક્ષણ :** મુહમ્મદ બિન-મૂસા ઈમામ મુહમ્મદ બાકિર અ.સ. અને ઈમામ સાદિક અ.સ. માટે કહે છે કે જ્યારે પણ તેઓ સ્નાન કરીને બહાર નીકળતા



E-mail : hadimasik@yahoo.com

ત્યારે શરદી હોય કે ઉનાળો હોય, પોતાના માથા અને ગરદનને ઢાંકીને નીકળતા હતા અને ફરમાવતાં હતા કે માથા અને ડોક (ગરદન) ને ઢાંકવુ તે શરદી લાગવાથી અને માથાના દુખાવાથી બચાવે છે. તેવી જ રીતે ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે સ્નાનગૃહમાંથી (નાહીને) નિકળો ત્યારે પોતાના પગ ધોઈ લો કેમકે આવું કરવાથી આધાશીશીના દુખાવાનો નાશ કરે છે અને જ્યારે સ્નાનગૃહમાંથી બહાર નીકળો તો માથાને ઢાંકી લો અને ફરમાવ્યું છે કે સ્નાન લેતી વખતે પોતાના શરીરને ઈંટના ટુકડાથી રગડી રગડીને સ્નાન ના કરો. આનાથી કોઢ (સફેદ દાગ) ની બીમારી થઈ શકે છે. (બિહારૂલ અનવાર-ભા. ૭૬-પા-૭૯, પા. ૮૧) હજામત - લોહી કઢાવવું - શરીરના રક્ષણ અને સલામતી માટે હજામત એટલે કે શરીરમાંથી (અશુદ્ધ) રક્તને કઢાવવાની બાબતે ઘણી તાકીદ કરવામાં આવી છે અને માઅસૂમીન અ.સ. પોતે પણ આ કાર્ય કરાવતા હતા અને બીજાઓને પણ આની તાકીદ ફરમાવતા હતા. આ કાર્ય ગુમડા વિગેરે ત્વચાના રોગો- અને રક્તની અશુધ્ધીથી માનવ શરીરને રક્ષણ આપે છે અને રક્તવાહિનીઓ માંના અવરોધોને દૂર કરે છે આ બાબત અંગે માઅસૂમીન અ.સ. ની લગભગ ૫૦૦ રિવાયતો આવેલી છે તે પૈકી કેટલીક આ મુજબ છે.

આપ સ.અ.વ. ફરમાવે છે કે શરીરમાંથી (અશુધ્ધ) લોહી કઢાવવાની ટેવ માનવીની ખુબ સારી ટેવ છે આનાથી આંખોની દ્રષ્ટિ શક્તિ વધે છે અને દર્દ અને બીમારી દૂર થાય છે. (મઆનિયુલ અખબરર-પા . ૨૪૭)



ઈમામ અલી અ.સ. ફરમાવે છે કે શરીરમાંથી (અશુધ્ધ) લોહી કઢાવવું તે શરીરને સ્વાસ્થ્ય બખ્શે છે અને વિચારશક્તિને સતેજ કરે છે. (બિહાર-ભા. ૬૨, પા. ૧૧૪)

ઈમામ હસન અસ્કરી અ.સ. ફરમાવે છે : શરીરમાંથી (અશુધ્ધ) લોહી કઢાવ્યા પછી મીઠું દાડમ ખાવ કેમકે તેનાથી લોહીને ટાઢક મળે છે અને શરીરમાંના લોહીને શુધ્ધ કરે છે. (બિહારૂલ અનવાર ભા. ૬૨ - પા. ૧૩૨)

# માતા-પિતાનું સ્થાન



**હદીસો :**

હઝરત ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે જનાબ મૂસા ઈબ્ને ઈમરાન અ.સ. એક વખત ખુદાવંદે આલમ સાથે મુનાજત કરી રહ્યા હતા. મુનાજત દરમ્યાન આપે એક વ્યક્તિને અર્શે ઈલાહીની છત્રછાયામાં જોયો. જનાબ મૂસા અ.સ.એ અરજ કરી કે હે ખુદા ! આ કોણ વ્યક્તિ છે કે જેને તે પોતાના અર્શની છત્રછાયામાં લીધો છે ? આપને જવાબ મળ્યો હે મૂસા ! આ એ વ્યક્તિ છે જેમાં બે ગુણ છે, એક તો એ કે તે પોતાના માતા-પિતાની સાથે હંમેશા સદ્‌વ્યવહાર કરે છે અને નેકીથી વર્તે છે અને બીજુ એ કે તે કોઈની ચાડી ચુગલી અને નિંદા નથી કરતો. (બિહારૂલ અનવાર-ભા. ૭૪, પા. ૬૫ ઈમામી યુસ્સદૂક-પા. ૧૦૮)

ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.થી રિવાયત છે કે ખુદાવન્દે આલમે ત્રણ બાબતો એવી રાખી છે કે જેને ત્યાગવાની છૂટ આપી નથી. (૧) નેક વ્યક્તિ કે ભૂંડા વ્યક્તિએ કોઈએ પણ જે થાપણ મૂકી હોય તે તેને પરત કરવી (૨) નેક અથવા ભૂંડા વ્યક્તિ (કોઈની) સાથે કરેલો વાયદો પૂરો કરવો (૩) પોતાના માતા-પિતાની સાથે નેકી-સારો વ્યવહાર કરવો, મા-બાપ સારા હોય કે ખરાબ હોય તો પણ. (બિહારૂલ અનવાર ભા-૭૨, પા. ૫૬)



ખુદાવન્દે આલમે જનાબ મૂસા ઉપર વહી નાઝિલ ફરમાવી હતી કે જો કોઈ વ્યક્તિ પોતાના મા-બાપ સાથે સદ્ વ્યવહાર અને નેકી કરતો હશે, તેણે જો મને ત્યાગી દીધો હશે તો પણ હું તેના નામનો સમાવેશ નેકી (સદ્‌કાર્ય) કરવાવાળાઓમાં કરીશ પરંતુ જો કોઈ



E-mail : hadimasik@yahoo.com

વ્યક્તિ પોતાના મા-બાપ સાથે સારો વ્યવહાર અને નેકી નહીં કરતો હોય અને મને યાદ રાખતો હશે તો પણ હું તેના નામનો સમાવેશ મારા દ્વારા ત્યજાએલા વ્યક્તિઓમાં કરીશ. (મેઅરાજુસ્સઆદાહ-પા. ૩૮૪)

**એક પ્રસંગ :** એક યુવાન પોતાના માતા-પિતાને ખૂબ જ રંજાડતો હતો. તેમને ખૂબ દુઃખ પહોંચાડતો હતો. તેમને માન પણ નહોતો આપતો અને ફક્ત પોતાના કામોમાં જ પરોવાયેલો અને ઘમંડી રહેતો હતો. માતા-પિતા તો તેને માટે તદ્દન તુચ્છ અને અપમાનિત વ્યક્તિઓ હતા. જ્યારે તેના મા-બાપ તેના વર્તનથી અત્યંત ત્રસ્ત થઈ ગયા અને કોઈની પણ શિખામણોએ તેના ઉપર કોઈ અસર કરી નહીં તો તેના માતા-પિતાએ ખુદાવન્દે આલમ સમક્ષ તેના માટે બદદુઆ (શ્રાપ) કરી કે "હવે અમે તો આનાથી કંટાળી ગયા છીએ. તું આના ત્રાસથી અમને મુક્ત કરાવ" મા-બાપના શ્રાપના અમલમાં વિલંબ ન થયો. ખુદાવન્દે આલમે તેમની વાત સાંભળી લીધી, તે પુત્ર પોતાના મિત્રો સાથે ફરવા આનંદ પ્રમોદ કરવા અને શિકાર કરવા વનમાં ગયો હતો. થોડી વારમાં જ ત્યાં ખૂબ જ સખ્ત વાવાઝોડું આવી ગયું, ભારે પવન ફૂંકાયો - વિજળીઓ ચમકવા લાગી અને અચાનક એક વિજળી તે નાલાયકના માથે પડી અને તે ત્યાં બળીને રાખ થઈ ગયો. જ્યારે વાતાવરણ સાફ થયું તો તેના મિત્રો સમજી ગયાં કે આ વ્યક્તિ પોતાના માતા-પિતાને અપમાનિત કરતો હતો અને તેમને રંજાડતો હતો તેનું જ આ પરિણામ છે કે આ બળીને રાખ થઈ ગયો, આ અલ્લાહના પ્રકોપને કારણે જ થયું છે.





# બાળકોની ડાયરી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !




સુણસરા મોહંમદગની ગુલામઅલી
હુસૈનીબાગ, કાણોદર.




મોમીન ઈસમત ફાતેમા અકીલભાઈ
કાલુપુર પાંચપટ્ટી, અમદાવાદ.







અલ ખદીજા
શાહીવાળાની પોળ, પાંચપટ્ટી કાલુપુર, અમદાવાદ

# મગજની પરીક્ષા

વહાલા બાળકો !

નીચે આપેલ વૃક્ષના ચિત્રોમાં આપણાં ભારત દેશના ૧૩ મહાન નેતાઓના ચિત્રો દર્શાવેલ છે.
તો તમે ચિત્રો અને તેના નામો જલ્દીથી શોધી બતાવો.

જે બાળક જલ્દી થી નામ શોધી બતાવશે તો તેના મગજના નિચે મુજબના ગુણ મેળવશે.

- જે બાળક ૧ થી ૫ ચિત્રોના નામ બતાવશે તો તેનું મગજ ઠીક ગણાશે.
- જે બાળક ૧ થી ૭ ચિત્રોના નામ બતાવશે તો તેનું મગજ મધ્યમ ગણાશે.
- જે બાળક ૧ થી ૧૦ ચિત્રોના નામ બતાવશે તો તેનું મગજ સારું ગણાશે.
- જે બાળક ૧ થી ૧૩ ચિત્રોના નામ બતાવશે તો તેનું મગજ ખુબ સારું ગણાશે.



# વિલાદત




૫ - જમાદીયુલ અવ્વલ સન ૬ અથવા ૭ હિજરીના દિવસે જનાબે ઝૈનબ સલા. ની વિલાદત થઈ હતી.

આપ આપણાં નબીની દોહિત્રી (પુત્રી ની પુત્રી) તેમજ ઈમામ અલી અ.સ. અને હઝરતે ઝહેરા સલા.ના નેક દિકરી હતા.

# વિલાદત



૧૫ - જમાદીયુલ અવ્વલ : સને ૩૮ હિજરી શુક્રવારના દિવસે મદીના મુનવ્વરામાં ઈમામ અલી ઈબ્નુલ હુસૈન અ.સ.ની વિલાદત થઈ હતી.

આપનું પવિત્ર નામ : અલી અ.સ., કુનીયત (વંશવાચક નામ) : અબૂમુહમ્મદ હતું.

આપના લકબોમાં ઝૈનુલ આબેદીન, સૈયદુસ્સાજેદીન પ્રખ્યાત છે.

# વફાત

૨૭ - જમાદીયુલ અવ્વલ : આજના દિવસે આપણાં વહાલા નબી(સ.અ.વ.)ના દાદા જનાબ અબ્દુલ મુત્તલિબની વફાત થઈ હતી

૨૯ - જમાદીયુલ અવ્વલ : આજના દિવસે આપણાં બારમાં ઈમામ (અ.જ.)ના બીજા ખાસ "નાઈબ" અબૂ જાઅફર મુહમ્મદ બિન ઉસ્માન બિન સઈદ ઉમરીની વફાત થઈ હતી.

# જુઓ અને સમજો



સખત પરિશ્રમ બાદ ઉંઘવાની મજા...



હું કેવો લાગું છું ?



ચલ મેરે ઘોડે ટીક...ટીક...ટીક...



મુસીબતમાં એક બીજાનો સાથ આપવો



ખસો... મારા રસ્તા આગળથી...



# ડિસ્કો પપૈયું

દોસ્તો, તમે કેરી, કેળું, દ્રાક્ષ, ચીકુ, નારંગી જેવા ખાટા-મીઠા ફળ તો જરૂર ખાતા હશો, હેં ને ? પણ તમને નારંગી રંગનું પપૈયું ભાવે છે કે નહીં ? ના ભાવતું હોય તો પણ પૌષ્ટિક પપૈયું ખાવું જ જોઈએ. તમને જાણીને આશ્ચર્ય થશે કે કેટલાક દેશમાં પપૈયાંને ડિસ્કો પપૈયું કહેવાય છે. તો ચાલો, આજે આપણે પૌષ્ટિકતાથી ભરપૂર પપૈયા વિશે જાણીએ.

લગભગ ૩૦ વર્ષ પહેલા ભારતમાં પીળા રંગના પપૈયાં મળતા હતા. જ્યારે હાલમાં નારંગી રંગના પપૈયા જોવા મળે છે. ડિસ્કો હોય કે સાદું પપૈયું, પોષ્ટિકતાથી ભરપૂર આ ફળ આપણને બારે મહિના મળે છે. આમ તો બીજા ફળોની કીંમત કરતાં પપૈયું પ્રમાણમાં સસ્તુ હોય છે, પણ તે તત્વોનો ભંડાર છે.





E-mail : hadimasik@yahoo.com



★ પપૈયાંનો નારંગી રંગ આંખ તેમજ ત્વચાને સુંદર અને સ્વસ્થ બનાવે છે. એટલે કે તેમાં રહેલું કેરોટીન નામનું તત્વ શરીરની અંદર જઈને વિટામિન-એ બને છે.

★ પપૈયું થોડુંક ખટાશવાળું પણ હોય છે તેમાંથી વિટામીન-સી મળે છે.

★ પપૈયામાં પેપેન નામનું એક તત્વ રહેલું છે, કેટલાક માંસાહારી ભોજનને નરમ બનાવવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

★ એ વાત સાચી કે કેરીનો જે મધમીઠો સ્વાદ હોય છે તેવો સ્વાદ પપૈયાનો નથી હોતો પણ પપૈયું પાચનક્રિયામાં મદદરૂપ થાય છે.

★ દહીં સાથે પપૈયાનો શેઈક અથવા તો પપૈયું અને કસ્ટર્ડ મિક્સ કરીને પણ ખાઈ શકાય. તમને ખબર છે ? પપૈયાંની ખીર પણ એટલી જ સ્વાદિષ્ટ લાગે છે.

★ પપૈયું ખાવાનો એક બીજો સરસ ઉપાય છે કેળા, કેરી, પપૈયું જેવા જુદા જુદા ફળો મિક્સ કરીને સરસ મજાની ચાટ બનાવવી. ઉપર લીંબુ અને ચાટમસાલો નાંખીને તેનો સ્વાદ માણવો.



# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**


بسم الله الرحمن الرحيم

માનનીય તંત્રી તેમજ હાદી માસિક ના સ્ટાફ મેમ્બરો ની ખીદમત માં અમારા સૌના સલામ.

હાદી માસિક અમારા સૌનું મનગમતું મેગેઝીન છે. તેમાં આવતી દરેક જાણકારી અમને ઘણી જ ફાયદો પોહચાડે છે. દરેક મહિના ની દરેક ઇમામ ની વિલાદત તેમજ શહાદત ની જાણકારી પણ અમને વિગતવાર મળતી રહે છે.

અમારા જેવા નાના બાળકો તેમજ બાળકીઓ માટે ઘણું જ ફાયદા કારક છે. બાળકીઓ માટે પણ તેમાં પરદા ને લગતી બાબતો જાણવા મળે છે. તેમજ એમાં કુરઆન માટે ની બાબતો વાંચી અમને ઘણુ જ જાણવા જેવું મળે છે માટે અમે સૌ નાના-મોટા અલ્લાહ પાસે એજ દુઆ કરીએ છીએ આ મેગેઝીન હંમેશા આગાઉ ની જેમ જ દરેક મહીને અમારા સુધી પહોંચતુ રહે અને અમારા ઇલ્મ માં વધારો થતો રહે. અને અમે પણ ઇમામે ઝમાન (અ.) ના અન્સાર માં શામીલ થઈ શકીએ.

લી. મિરઝા આરઝુ ફાતેમા જે.

મિરઝા આરઝુ ફાતેમા જે. ભાવનગર

**મિરઝા આરઝુ ફાતેમા જે.**
ભાવનગર.


પત્રાવલી

Date :

Page :

**બુખારી મહેક ફાતેમા સાકીરહુસેન**
માલીવાડા ખજૂરી મસ્જિદ, વટવા, અમદાવાદ.

**ખાસ નોંધ**

**વહાલા બાળકો, પત્રાવલી અને તમારી ડાયરીના પેજમાં દર્શાવતા પત્રો અને આર્ટ આપ જે મોકલો છો તે એ-૪ અથવા તેની નાની સાઈઝમાં જ મોકલવી. આનાથી મોટી સાઈઝ જો અમારી પાસે આવશે તો તે છાપવામાં નહી આવે.**

• • • • • • • • • • • •

**વહાલા બાળ મિત્રો અને નવ યુવાનો આપને હાદી માસિક તરફથી પરીક્ષાની તૈયારીઓની શુભ કામનાઓ તેમજ સારા પરિણામો આવે તેવી અમારી પ્રાથના (દુઆ), સાથે અરજ કરીએ છીએ કે તમારા પરિણામ આવે તો અમને હાદી માસિકમાં છાપવા તમારા ફોટો સાથે મોકલશો.**

# ઉઘાડા પગે

ઝૈદ-બિન-અલીથી રિવાયત છે કે "હઝરત અલી અ.સ. પાંચ પ્રસંગોએ હંમેશા ઉઘાડા પગે ચાલતા હતા અને પોતાના પગરખા પોતાના ડાબા હાથમાં પકડી લેતા હતા, તે પાંચ પ્રસંગો નીચે મુજબ છે."

(૧) ઈદે ફિત્રના દિવસે
(૨) ઈદે કુરબાન- (ઈદે અઝહા)ના દિવસે
(૩) શુક્રવારના દિવસે
(૪) કોઈ બીમાર વ્યક્તિના ખબર-અંતર પૂછવા જતી વખતે
(૫) કોઈના જનાઝામાં સાથે જતી વખતે

આપ અ.સ. ફરમાવતાં હતા કે આ પાંચ પ્રસંગો ખુદા માટેના છે (એટલે કે આ પાંચ પ્રસંગો ખુદા તરફ જવાની બરાબર છે) તેથી હું ઈચ્છું છું કે આ પ્રસંગોએ ઉઘાડા પગે રહું.

શું આપ પણ આ પ્રસંગોએ ઉઘાડા પગે રહીને હઝરત અલી અ.સ.ની સીરતનું અનુકરણ કરવાનો પ્રયાસ કરો છો ?


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.



# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*

